**Publication:** Standard Herald
**Date:** 03/08/2016
**Edition:** Ahmedabad
**Page No:** 11
**Headline:** Ahmedabad to host TCS IT Wiz on August 9th

# અમદાવાદ ઓગસ્ટ ૯મીએ ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૬ને હોસ્ટ કરશે

અમદાવાદ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ), એક અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન પૂરી પાડતી કંપની આજે જાહેર કરે છે, તેઓ ટીસીએસ આઈટી વીઝ- ૨૦૧૬ દેશની સૌથી મોટી ટેકનોલોજી ક્વિઝ ફોર સ્કુલની સ્પર્ધાની અમદાવાદ આવૃતિ, અમદાવાદ ખાતે, ૯મી ઓગસ્ટ, મંગળવાના રોજ, પાલડી રબિન્દ્રનાથ ટાગોર હોલ ખાતે યોજશે.

આમાં કોઈ એન્ટ્રી ફી નથી. ધોરણ ૮થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ આ ઈવેન્ટમાં ભાગ લેવા સક્ષમ છે. દરેક સંસ્થામાંથી એક કરતાં વધુ ટીમ મોકલી શકાશે જેમાં દરેક ટીમમાં બે સભ્ય હોવા જરૂરી છે. ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૬ સમગ્ર દેશના ૧૫ સ્થળો- અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, ચેન્નઈ, કોઈમ્બતુર, દિલ્હી, હેદ્રાબાદ, ઈન્દોર, કોચી, કોલકત્તા, લખનૌ, મુંબઈ, નાગપુર, પુના અને વિશાખાપટ્ટનમ્ ખાતે યોજવામાં આવશે. એન્ટ્રી માનનિય સંસ્થા દ્વારા ૬ઠ્ઠી ઓગસ્ટ પહેલાં શેફાલી, ટીસીએસ આઈટી વિઝ કો-ઓર્ડિનેટર, ટાટા કન્સલટન્સી સર્વિસીસ, ઈન્ફો ટાવર- ૧, ઈન્ફોસિટી, એરપોર્ટ રોડ- ગાંધીનગર- ૩૮૨૦૦૯, ગુજરાત, ભારત. ખાતે મોકલવાની રહેશે. વધુ માહિતી માટે ૦૭૯- ૬૬૭૧૨૬૭૭પર કોન્ટેક્ટ કરી શકો છો. ઉપરાંત ઓનલાઈન : www.tcsitwiz.com પર રજીસ્ટ્રેશન કરાવી શકો છો.

ક્વિઝ ફોરમેટ : લેખિત પરીક્ષામાં આગળ આવેલી ટોચની ૬ ટીમને રિજ્યોનલ ફાઈનલ્સ માટે ક્વોલિફાઈ કરવામાં આવશે. ફાઈનલ માટે એક જ શાળામાંથી એક કરતાં વધુ આવેલી ટીમમાંથી જેના સ્કોર સૌથી વધુ હશે તે જ ટીમને સ્ટેજ પર બોલાવામાં આવશે. રિજ્યોનલ ફાઈનલની વિજેતા ટીમ ડિસેમ્બરમાં મુંબઈ ખાતે યોજાનાર મેગા ફાઈનલ્સમાં ભાગ લેશે.